# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરમસદથી કેવડિયા સુધીની રાષ્ટ્રીય એકતા પદયાત્રાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રારંભ કરાવશે
2. આપણું બંધારણ - આપણું આત્મસન્માનની થીમ પર ઉજવાનારા આજના બંધારણ દિવસની મુખ્યમંત્રી ગાંધીનગરમાં ઉજવણી કરશે
3. ખાસ મતદાર સુધારણા અભિયાન અંતર્ગત રાજ્યમાં મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ..70%થી વધુ ગણતરીફોર્મનું ડિજીટાઈઝેશન સંપન્ન
4. પોલીસ વિભાગમાં ઉત્તમ સેવા આપવા બદલ 110 કર્મયોગીઓને રાજ્યના પોલીસ વડાના હસ્તે એવોર્ડ એનાયત કરાયાં
5. સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં આજે ગુજરાત અને સર્વિસ વચ્ચે મુકાબલો થશે..

------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# UNITY MARCH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોખંડીપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ વર્ષને સમર્પિત રાષ્ટ્રીય સ્તરની સરદાર @150: યુનિટી માર્ચ" નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરમસદ ખાતેથી પ્રારંભ કરાવશે.. આ રાષ્ટ્રીય પદયાત્રા આજના – સંવિધાન દિવસના રોજ સરદાર પટેલના વતન કરમસદની પવિત્ર ભૂમિથી શરુ થઈને 6 ડિસેમ્બરના રોજ નર્મદા નદીના કિનારે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે પૂર્ણ થશે તેમ સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

(બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી, UNITY MARCH)

પ્રત્યેક દિવસે યુનિટી માર્ચમાં કેન્દ્રિય મંત્રીઓ સહિત હજારોની સંખ્યામાં દેશપ્રેમીઓનું ઘોડાપૂર જોડાઈને સરદાર સાહેબના જીવન આદર્શો અને સત્કાર્યોમાંથી નવી ઊર્જા મેળવશે. ઉદ્ઘાટન સમારોહમાં ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ સહભાગી બનશે.

-------------

# FIVE RIVERS-NATIONAL UNITY MARCH

યુનિટી માર્ચ અંતર્ગત યોજાનારી "રાષ્ટ્રીય પદયાત્રા" એકતા અને અખંડિતતાનું પ્રતિબિંબ તો બનશે સાથે જ આ ઐતિહાસિક રાષ્ટ્રીય પદયાત્રાની સાક્ષી રાજ્યના ઇતિહાસ અને સંસ્કૃતિની ધરોહર સમાન પાંચ સરિતાઓ પણ બનશે.

કરમસદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી યોજાનારી આ રાષ્ટ્રીય પદયાત્રા આણંદ, વડોદરા અને નર્મદા એમ ત્રણ જિલ્લામાંથી પસાર થશે, ત્યારે ગુજરાતની પાંચ પવિત્ર અને સાંસ્કૃતિક રીતે મહત્ત્વની પાંચ નદીઓ તેની સાક્ષી બનશે. જેમાં મહી, વિશ્વામિત્રી, જાંબુઆ, ઢાઢર અને રાજ્યની જીવાદોરી સમાન નર્મદાનો સમાવેશ થાય છે. પદયાત્રીઓ આ નદીઓના કિનારેથી પસાર થશે.

-------------

## SAMVIDHAN DIWAS

દેશ આજે બંધારણ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આ વર્ષની ઉજવણીનો વિષય છે - "આપણું બંધારણ - આપણું આત્મસન્માન". આ દિવસની ઉજવણી રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં પ્રેરણાભૂમિ, સેન્ટ્રલ વિસ્ટા ખાતે સંવિધાન દિવસ નિમિત્તે બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે.

-------------

## RECRUITMENT JITU WAGHANI

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ સૂચના આપી હતી કે કર્મચારી-અધિકારીઓનુ મહેકમ સત્વરે પૂર્ણ કરવામાં આવે .. રાજ્યના વિવિધ વિભાગો અને તમામ કચેરીઓમાં મંજૂર મહેકમ અને ભરેલા મહેકમ અંગે તાત્કાલિક સમિક્ષા કરીને ભરતી કેલેન્ડર પ્રમાણે સત્વરે આ ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવાની રાજ્યના મુખ્ય સચિવને મુખ્યમંત્રીએ સૂચના આપી હોવાનું પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

(બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી, RECRUITMENT )

-------------

# SIR OVER ALL

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત 2002ની મતદાર યાદીમાં નોંધાયેલા 5.08 કરોડ મતદારો પૈકી 5.07 કરોડ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જેમાં તાપી- સાબરકાંઠા- ગીરસોમનાથ- મહિસાગર- અમરેલી- બોટાદ- અમરેલી- નવસારી જિલ્લામાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જેમાંના 70%થી વધુ ફોર્મના ડિજીટાઈઝેશનની કામગીરી સંપન્ન કરી દેવાઈ છે.

આ કામગીરીમાં 81.15% ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. જ્યારે અમરેલીમાં SIR અંતર્ગત 8 લાખથી વધુ એન્યુમરેશન ફોર્મ

ડિજિટાઇઝ કરાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 64.17% કામગીરી પૂર્ણ થઈ છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 9 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 1 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 9 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા છે. તદુપરાંત 1.15 લાખથી વધુ મતદારો રિપીટેડ છે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# MAHISAGAR -POSHDODA

મહીસાગર એસ.ઓ.જી દ્વારા એક અકસ્માત થયેલ કારની તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં પોષડોડાનો જથ્થો તેમજ દેશી પિસ્તોલ અને ચાર જેટલા કારતુસનો જથ્થો મળી આવ્યો છે. કોઠંબા પોલીસ સ્ટેશન

વિસ્તારમાં થયેલા માર્ગ અકસ્માતમાં મધ્યપ્રદેશની નંબર પ્લેટ ધરાવતી કારમાં અંદાજિત 38 લાખ રૂપિયાની કિંમતનો પોષ ડોળાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કોઠંબા પોલીસ સ્ટેશન દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ફરાર વાહન ચાલકની તપાસ શરૂ કરવામાં આવી છે.

-------------

# DGP AWARD

ગાંધીનગરના કરાઇ સ્થિત પોલીસ અકાદમી ખાતે ડીજીપી કોમેનડેશન ડિસ્ક 2024 અલંકરણ સમારંભ યોજાયો હતો. જેમાં રાજ્ય પોલીસ વડાના હસ્તે 110 ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પોલીસમાં સેવા આપતા  કર્મયોગીઓને સન્માનિત કરાયા હતા..

શ્રી વિકાસ સહાયે આ પ્રસંગે કહ્યુ હતું કે, આપણા સૌની સૌથી પ્રબળ શક્તિ આપણી એકતા છે". યુનિફોર્મ સર્વિસમાં એક ચંદ્રકનું મહત્વ અને તેનું ગર્વ એક પોલીસ કર્મચારી સારી રીતે સમજી શકે છે. આપણા પોલીસ બળના કર્મચારીઓનું મનોબળ તોડવાનો પ્રયાસ કરવામાં આવે તો એક નીડર લીડર તરીકે આ વાતને સ્વીકારો નહીં. આત્મસન્માન અને ગર્વથી ભયમુક્ત બની કામગીરી કરવા તેમણે પોલીસ વિભાગને અપીલ કરી હતી.

(બાઇટ- વિકાસ સહાય, ડીજીપી ગુજરાત)

-------------

# Chotaudeypur Railway VISIT

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારીએ છોટાઉદેપુર રેલવેમથકની મુલાકાત લઇ ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારને જોડતી રેલવે લાઇનના કામની સમીક્ષા કરી. છોટાઉદેપુર - ધાર રેલવે લાઇનનું કામ પૂર્ણ થતાં વડોદરા અને મધ્યપ્રદેશના ઈન્દોર વચ્ચેનું અંતર ઓછું થશે, તેમ જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું.

(બાઈટ: અનુભવ સકસેના, PRO પશ્ચિમ રેલ્વે)

-------------

# SAIYAD MUSTAQ ALI TROPHY

સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં આજે ગુજરાત અને સર્વિસ વચ્ચે મુકાબલો થશે.. હૈદરાબાદ ખાતે ઇલાઇટ ગૃપ સીની આ મેચ રમાશે... ગુજરાતની ટીમમાંથી ફાસ્ટ બોલર હર્ષલ પટેલ લાંબા સમય બાદ રમી રહ્યો છે. આજે સવારે નવ વાગે આ મેચનો આરંભ થશે.

-------------

# BYPASS MANJURI - AMRELI

અમરેલીમાં 12 કિલોમીટર લાંબા બાયપાસ રોડ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ઉર્જામંત્રી અને  ધારાસભ્ય કૌશિક વેકરિયાની રજૂઆત બાદ રાજ્ય સરકારે આ બાયપાસ માટે મંજૂરી આપી છે. અંદાજે 270 કરોડના ખર્ચે તૈયાર થનાર આ બાયપાસના નિર્માણ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટૂંક સમયમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

આ પ્રોજેક્ટમાં નવા ચારમાર્ગીય રોડ, એપ્રોચ રોડ સાથે રીટનિંગ વોલ, મેજર બ્રિજ, માઇનોર બ્રિજ, નવા સ્ટ્રક્ચર, નવા પાઇપ કલ્વર્ટ, યુટિલિટી શિફ્ટિંગ અને અન્ય આનુષંગિક કામગીરીનો સમાવેશ થાય છે.

-------------

# WEATHER

હવામાન આગાહીની આગાહી મુજબ 25 નવેમ્બરથી 1 ડિસેમ્બર સુધી હવામાન શુષ્ક રહેશે. ન્યૂનતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તટીય ક્ષેત્રોમાં પવન ઉત્તરથી ઉત્તર-પૂર્વ દિશામાંથી 15 થી 20 ની ઝડપે ફૂંકાશે તેમ હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

(બાઇટ- એ કે દાસ, હવામાન વિભાગના વડા)

-------------

# VGRC - CONFERENCE

રાજ્ય સરકારે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ની બીજી આવૃત્તિની જાહેરાત કરી છે. જે 8 અને 9 જાન્યુઆરી, 2026 દરમિયાન રાજકોટમાં યોજાશે.

8 થી 11 જાન્યુઆરી, 2026 દરમિયાન તે જ સ્થળે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે. જે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગો, MSMEs, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરશે. આ કોન્ફરન્સમાં 6 અત્યાધુનિક ડોમ સાથે 20 હજાર ચોરસ મીટરથી વધુના વિસ્તારને આવરી લેવામાં આવશે, જેમાં ક્ષેત્રીય પ્રદર્શન, નવીનીકરણ પ્લેટફોર્મ અને બિઝનેસ નેટવર્કિંગ તકોનો સમાવેશ થશે.VGRE 2026નું મુખ્ય આકર્ષણ વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, રિવર્સ બાયર-સેલર મીટ અને ઉદ્યમી મેળો હશે, જેનો ઉદ્દેશ્ય માર્કેટમાં નવી તકો ઊભી કરવાનો અને સ્થાનિક MSMEs, કારીગરો તેમજ હાથશાળ અને હસ્તકલા વ્યવસાયોને વૈશ્વિક ખરીદદારો સાથે જોડવામાં મદદ કરવાનો છે.

કચ્છ અને સૌરાષ્ટ્રના ટોચના ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, કૃષિ-વ્યવસાય નિષ્ણાતો, MSMEs, શૈક્ષણિક સંસ્થાઓ, કારીગરો અને મહિલા ઉદ્યોગસાહસિકો આ પ્રદર્શનમાં જોડાય તેવી અપેક્ષા છે.

-------------